રજીસ્ટ્રેશન તારીખ : ૧૧/૦૫/૨૦૧૭
નિકાલ તારીખ : ૧૬/૦૫/૨૦૧૭
સમયગાળો : વર્ષ માસ દિવસ
કુલ :

## મે.ના.શ્રી બીજા એડીશનલ (એડહોક) સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,કલોલ

ફોજદારી પરચુરણ અરજી નં.–૧૫૬/૨૦૧૭

---

**અરજદાર : પટેલ વિશાલ રમેશભાઈ**
ઉ.વ.આ.૨૧, ધંધો–નોકરી,
રહે,શ્રીજી કૃપા સોસાયટી,
મુ.તા.કલોલ, જી.ગાંધીનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા : ધી.સ્ટેટ ઓફ ગુજરાત**
મારફતે : વિ.એ.પી.પી.શ્રી,
ગાંધીનગર.

**અરજ : સી.આર.પી.સી.ની કલમ–૪૩૮ અન્વયે આગોતરા જામીન અરજી**

---

અરજદાર તરફે : વિ.વ.શ્રી.બી.જે. પટેલ,
સામાવાળા તરફે : વિ.એ.પી.પી.શ્રી પી.ડી.વ્યાસ.

---

**–:: હુકમ::–**

(૧) આ કામના અરજદાર/આરોપી સામે કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩/૨૦૧૭ થી ઈ.પી.કો.કલમ ૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૭,૩૨૩,૩૨૪,૩૨૫,૩૨૬ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના ગુનાના કામે તા.૨/૩/૨૦૧૭ ના રોજ ફરીયાદ આપેલ છે.

(૨) જેથી અરજદાર/આરોપી ધ્વારા હાલની અરજી આગોતરા જામીન મેળવવા માટે.આર.પી.સી.ની કલમ–૪૩૮ હેઠળ દાખલ કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, તપાસ કરનાર અમલદારે અરજદાર/આરોપી તદ્દન ખોટી રીતે તેમના નામ સંડોવાયેલા છે. અરજદાર/આરોપી એ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, તદ્દન નિર્દોષ છે. ગાંધીનગર જિલ્લા કલોલ શહેરના કાયમી અને સ્થાયી વતની છે પરિવાર સાથે રહે છે,કયાંય નાસી ભાગી જાય તેમ નથી તેમના પરિવારમાં તેઓ એકમાત્ર કમાનાર વ્યકિત છે. હાલના અરજદાર યુવાન વયના છે.

(૩) આ કામે અરજદાર ના વિ.વ.શ્રી પોતાની દલીલમાં જણાવે છે કે, હાલના આરોપી વિરૂધ્ધમાં ફરીયાદમાં એવો આક્ષેપ છે કે, આરોપીએ તથા અન્ય આરોપીઓએ લાકડી ફરીયાદીને આડેધડ મારેલી.વધુમાં તેઓ દલીલમાં જણાવે છે કે, આ કામના ફરીયાદીએ જે ફરીયાદ આપી છે તે ઈરાદાપુર્વક આપેલી છે. ફરીયાદી હાલના અરજદારને ઓળખતા નથી પરંતુ અન્ય સાક્ષી કે જે વિસત ડેરી પાર્લરના પટેલ જીગરભાઈનાઓના કહેવાથી હાલના આરોપીનું નામ (અરજદારનું) ફરીયાદમાં દર્શાવેલુછે.હાલના આરોપી/અરજદાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગુનામાં સંડોવાયેલા નથી. ઈજા પામનાર હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ થઈ ગયેલા છે. બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પણ ફરીયાદ ક્રોસીગ માટે બંને પક્ષકારો ગયેલા પરંતુ નામદાર હાઈકોર્ટે નીચલી અદાલતમાં જવાનો હુકમ કરેલો. આરોપી નાસીભાગી જાય તેવા નથી. સ્થાવર મિકલત ધરાવે છે.અરજદાર/આરોપીની ધરપકડ કરવામાં આવે તો તેમની પ્રતિષ્ઠાને હાની પહોંચે તેમ છે અને સામાજીક રીતે ઘણુ બધુ સહન કરવુ પડે તેમ છે.જે કોઈ શરતો ફરમાવશે તે શરતોને પાલન કરવામાં આવશે. જેથી હાલની અરજી મંજુર કરવા જણાવેલ છે.

(૪) આ કામે વિ.એપીપી શ્રી પી.ડી.વ્યાસે દલીલ કરતા જણાવેલ છે કે હાલના આરોપીએ (અરજદાર) તથા અન્ય આરોપીઓએ ભેગા મળી પહેલા એક નાયીને મારેલ ત્યારબાદ હાલના ગુના કામે ફરીયાદીને મારેલ. અગાઉ પણ હાલના

આરોપી અન્ય ગુન્હાઓમાં સંડોવાયેલા છે. આરોપી વિરુધ્ધ ગંભીર પ્રકારનો ગુન્હો નોંધાયેલ છે.જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો આવા ગુન્હા કરવા પ્રેરાય તથા હાલમાં તપાસ ચાલુ છે. અને અન્ય આરોપીઓ નાસતા ફરતા હોઈ હાલની અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૫) આ કામનું તમામ રેકર્ડ વંચાણે લેતા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૧૪૭, ૧૪૮,૧૪૯,૩૦૭,૩૨૩,૩૨૪,૩૨૫,૩૨૬ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. તપાસ કરનાર અમલદારશ્રીનુ સોગંદનામુ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. આ કામે આરોપી સામેના ગુનાના આક્ષેપો, ગુનાની ગંભીરતા તથા સજા અંગેની જોગવાઈ ધ્યાને લીધી. આ કામના અરજદાર/આરોપી ટ્રાયલ સમયે કોર્ટમાં હાજર રહી શકે તેમ જણાય છે. આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ અન્ય કોઈ ગુના નોંધાયેલ હોય તેવુ તપાસ કરનાર અમલદારે તેમના સોગંદનામામાં જણાવેલ છે.પરંતુ તમામ ગુન્હામાં આરોપી જામીન ઉપર મુકત છે. વળી, જામીન અરજીના તકકે આરોપીની હાજરી ટ્રાયલ સમયે સહજતાથી ઉપલબ્ધ રહેશે કે કેમ તે જ હકીકત ધ્યાને લેવાની હોય છે.તેમજ ફરીયાદ મુજબનો આરોપીનો રોલ જોતા ફરીયાદીને હાથમાં ઈજા કરેલાનું જણાવેલ છે. હાલમાં ફરીયાદી હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ થયેલા છે ત્યારે આવા સંજોગોમાં આ કામના અરજદાર/આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનાના કામે આગોતરા જામીન ઉપર મુકત કરવા અંગે વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનું યોગ્ય જણાતુ હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી/અરજદારને સી.આર.પી.સી.ની કલમ ૪૩૮ મુજબ આગોતરા જામીન મેળવવાની અરજી જે કલોલ તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૩/૨૦૧૭ થી ઈ.પી.કો.કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૭,૩૨૩,૩૨૪,૩૨૫,૩૨૬તથાજી.પી.એકટ ૧૩૫ મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપી પટેલ વિશાલ રમેશભાઈ, ઉ.વ.આ.૨૧

, ધંધો–નોકરી, રહે, શ્રીજી કૃપા સોસાયટી, મુ.તા.કલોલ, જી.ગાંધીનગરનાઓને નીચેની શરતોને આધીન આગોતરા જામીન અરજી મંજુર આવે છે.

(૨) અરજદાર/આરોપીએ **રૂા.૧૫,૦૦૦–૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના સ્થાનીક જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા **નીચેનીકોર્ટ** સમક્ષ રજુ કરવા.

**:: શરતો ::**

:૧: અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક–ધમકી,લોભ–લાલચ પ્રલોભન આપવા અપાવવા નહીં તેમજ ફરીયાદપક્ષના સાહેદ પુરાવા સાથે ચેડા કરવા નહી તેમજ પોલીસ તપાસમાં પુરતો સાથ સહકાર આપવો.

:૨: અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાના રહેઠાણનું પાકુ અને કાયમી સરનામુ પુરૂ પાડવુ અને તેમાં કોઈ ફેરફાર થાય તો, ટ્રાયલ કોર્ટ તથા સંબંધીત પોલીસ સ્ટેશનમાં જાણ કરવી.

:૩: અરજદાર/આરોપીએ તેમની સામેના આક્ષેપીત ગુના સંબંધે ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર અંગ્રેજી માસની ૫(પાંચમી) મી તારીખે સંબંધીત પોલીસ સ્ટેશનમાં સવારના ક.૧૦.૦૦ થી બપોરના ક.૧૪.૦૦ દરમ્યાન હાજરી પુરાવવી.

:૪: અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી, તથા પાસપોર્ટ દિન–૭ માં પોલીસ સ્ટેશનમાં જમા કરાવવો અને પાસપોર્ટ ન હોય તો તે લગત એફીડેવીટ પોલીસ સ્ટેશનમાં રજુ કરવી.

:૫: અરજદાર/આરોપીએ પોતાની જાતને ભવિષ્યમા આ પ્રકારની કે અન્ય કોઈપણ પ્રકારની ગુનાહીત પ્રવૃત્તિમાં સંડોવવી નહી.

:૬: ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર/આરોપીના જામીન આપો આપ રદ ગણાશે.

:૭: આરોપી ની ત.ક.અમલદારને ગુન્હા લગત વધુ તપાસની જરૂર જણાય તો આરોપીને અગાઉથી નોટીસ આપી નીચલી કોર્ટ સમક્ષ હાજર રહેવાનું જણાવી રીમાન્ડ માંગી શકશે અને નીચલી અદાલત આરોપીને રીમાન્ડ આપે તો રીમાન્ડનો

સમય પુરો થયા બાદ આરોપીને તાત્કાલીક મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

:૮: હુકમ અંગે સંબંધીત પોલીસ સ્ટેશનને તથા નીચલી અદાલતને જરૂરી યાદી કરવી.

હુકમ આજ રોજ તા.૧૬મી, મે સને–૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહિ કરી જાહેર કર્યો.

તારીખ : ૧૬/૦૫/૨૦૧૭
સ્થળ : કલોલ

( ભરતકુમાર ડી. પટેલ )
**GJ00563**
બીજા(એડહોક)એડીશનલ સેશન્સ જજ, કલોલ,
જી. ગાંધીનગર.

**વધુ સુધારા હુકમ**

(૧) આ કામે આખરી હુકમના પેરા–ર માં અરજદાર/આરોપીએ રૂા.૧૫૦૦૦/– (અંકે રૂા.પંદર હજાર પુરા) ના સ્થાનિક જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા નીચેની કોર્ટ સમક્ષ રજુ કરવા તેવુ શરતચુક તથા ભુલથી લખાયેલ છે. તેમાં સુધારો કરી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

(ર) અરજદાર/આરોપીએ **રૂા.૧૫,૦૦૦–૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના સ્થાનીક જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા **કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમા** સમક્ષ રજુ કરવા.

(૩) બાકી ની શરતોમાં કોઈ ફેરફાર કરવામાં આવતો નથી.

(૪) સંબંધીત પોલીસ સ્ટેશનને આ હુકમની જાણ કરવી.

હુકમ આજ રોજ તા.૨૯મી, મે સને–૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહિ કરી જાહેર કર્યો.

તારીખ : ૨૯/૦૫/૨૦૧૭
સ્થળ : કલોલ

( ભરતકુમાર ડી. પટેલ )
**GJ00563**
બીજા(એડહોક) એડીશનલ સેશન્સ જજ, કલોલ,
જી. ગાંધીનગર.